# અમને રાખ સદા તવ ચરણે

અમને રાખ સદા તવ ચરણે
મધુમય કમલ સમા તવ શરણે
અમને રાખ સદા તવ ચરણે

અમ તિમિરે તવ તેજ જગવજે
અમ રુધિરે તવ બલ પેટવજે
અમ અંતરમાં તવ પદ ધરજે
અમને રાખ સદા તવ ચરણે

અગાધ ઓ આકાશ સમા તવ
અમ ચૈતન્ય બનાવ મહાર્ણવ
અમને આપ સકલ તવ વૈભવ
અમને રાખ સદા તવ ચરણે

**- કવિ શ્રી સુંદરમ્**

# મોજ

ઓચિંતુ કોઇ મને રસ્તે મળે ને
કદી ધીરેથી પૂછે કે કેમ છે ?
આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.

ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ;
એકલો ઊભું ને તોયે મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ,
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે....

આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી;
વધઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી,
સૂરજ તો ઊગે ને આથમી યે જાય
મારી ઊપર આકાશ એમનેમ છે....

**- કવિ શ્રી ધ્રુવ ભટ્ટ**

# તમે જિંદગી વાંચી છે ?

સુખની આખી અનુક્રમણિકા, અંદર દુ:ખના પ્રકરણ
તમે જિંદગી વાંચી છે ? વાંચો તો પડશે સમજણ

પૂંઠાં વચ્ચે પાનાં બાંધ્યાં, જેમ ડચૂરા બાઝે
આંસુના ચશ્માં પહેરીને, પાનેપાનાં વાંચે
પથ્થરના વરસાદ વચાળે, કેમ બચાવો દર્પણ...
તમે જિંદગી વાંચી છે ? વાંચો તો પડશે સમજણ

હશે કોઈ પ્રકરણ એવું કે ખરે વાંચવાલાયક
તમે ફેરવો પાનાંને, એ પુસ્તકમાંથી ગાયબ
ફાટેલાં પાનાંનાં જેવાં, ફાટી જાતાં સગપણ...
તમે જિંદગી વાંચી છે ? વાંચો તો પડશે સમજણ

આ લેખક પણ કેવો, એને દાદ આપવી પડશે
લખે કિતાબો લાખો, પણ ના નામ છપાવે કશે
હશે કદાચિત લેખકજીને, પીડા નામે વળગણ...
તમે જિંદગી વાંચી છે ? વાંચો તો પડશે સમજણ

**- કવિ શ્રી મુકેશ જોષી**

# હૈયાની વાત

કોકના તે વેણને વીણી વીણીને, વીરા !
ઊછી-ઉધારાં ન કરીએ;
હૈયે ઊગે એવી હૈયાની વાતને
ફૂલ જેમ ફેરમતી ધરીએ.

કોયલ તો કોઈનો ટહુકો ન માગે ને
મોરલો કોઈની કેકા,
માનવીનું કાળજ તે કેવું કર્યું ?
પીડ પોતાની, પારકા લ્હેકા!
રૂડા-રૂપાળા સઢ કોકના શું કામના?
પોતાને તુંબડે તરીએ.

કોઈ કોઈ સંભારે રામટેકરી,
કોઈ ઓઢા-હોથલની ગુહા,
ચોમાસે ક્યાંક ક્યાંક શલોક ચગે
ક્યાંક દરદે નીંગળતા દુહા :
જીવતી ને જાગતી જીવની ખોઈમાં
કોઈની ભભૂત ન ભરીએ.

પોતાની વાંસળી પોતે બજાવીએ ને
રેલાવી દઈએ સૂર,
ઝીલનારું એને ઝીલી લેશે, ભલે
પાસે જ હોય કે દૂર :
ઓલ્યા તો મોતમાં જીવી ગિયા, વીરા!
જીવતાં ન આપણે મરીએ.
કોકનાં તે વેણને વીણી વીણીને, વીરા,
ઊછી-ઉધારાં ન કરીએ.

**- કવિ શ્રી મકરંદ દવે**



Melbourne Shwetambar Jain Sangh